HGH INDIA 2018 SM
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
JULY 3-5, 2018 MUMBAI, INDIA

NEWS 3

A TEXZONE Event

Where business feels at home!

# હાઉસવેરનું પ્રદર્શન મોટા હોલ ૩માં યોજાશે

છેલ્લાં સાત વર્ષથી એચજીએચ ઇન્ડિયામાં હાઉસવેર કેટેગરીમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. તેમાં આંતરરાષ્ટ્રીય અને ભારતીય ઉત્પાદકો, બ્રાન્ડ્સ અને આયાતકારોની સંખ્યામાં વધારો થવાની સાથે તેમનાં દ્વારા ગુણવત્તાયુક્ત વિવિધ પ્રકારનાં ઉત્પાદનોનાં પ્રદર્શનમાં પણ વધારો થઈ રહ્યો છે.

આ વૃદ્ધિ માટે કેટલાંક પરિબળો જવાબદાર હોઈ શકે છે. સૌપ્રથમ પરિબળ આવકમાં વધારો છે, જેનાં પગલે હાઉસવેરની તમામ પેટા-કેટેગરીઓમાં ભારતીય ઉપભોક્તાની માગમાં વાર્ષિક ૨૦થી ૨૫ ટકાનાં દરે વૃદ્ધિ થઈ રહી છે. કિચનવેર, ટેબલવેર, કૂકવેર, કિચન અપ્લાયન્સિસ, સિક્યોરિટી, બાથ એક્સેસરીઝ, સ્ટોરેજ, મેઇન્ટેનન્સ, ક્લિનિંગ અને હાઇજિન ઉત્પાદનો, આઉટડોર અને ગાર્ડન પ્રોડક્ટ્સ તથા જનરલ હાઉસવેરનાં નવા રિટેલર્સ સમગ્ર ભારતમાંથી આ પ્રદર્શનમાં આવી રહ્યાં છે. તેમને તેમનાં સ્ટોર્સ માટે સ્પેશ્યાલાઇઝ્ડ ચીજવસ્તુઓની જરૂર છે. સંગઠિત રિટેલર્સ અને ઓનલાઇન રિટેલર્સ વધતી માગોને પૂર્ણ કરવા તેમનાં સ્ટોર્સમાં હાઉસવેર ડેકોરની સ્પેસ અને વિવિધતામાં વધારો કરી રહ્યાં છે. ઉપભોક્તાઓની ખરીદીની બદલાતી આદતોને કારણે રિટેલ સ્તરે હોમ ડેકોર અને હોમ ટેક્સટાઇલ્સનાં ઇન્ટિગ્રેશન હાઉસવેર માટે હોમ ટેક્સટાઇલ્સ અને હોમ ડેકોર રિટેલર્સની માગમાં વૃદ્ધિ થઈ છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં ભારતીય તથા તુર્ક, અમેરિકા, કેનેડા, યુકે, જર્મની, ફ્રાંસ, ઇટાલી, બેલ્જિયમ, પોલેન્ડ, લક્ઝમબર્ગ, જાપાન, કોરિયા, હોંગકોંગ, ચીન, તાઇવાન અને થાઇલેન્ડમાંથી આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો પોટ્સ એન્ડ પેંન્સ, પ્રેશર કૂકર્સ, કોટેડ કૂકવેર; મિક્સર ગ્રાઇન્ડર્સ, ટોસ્ટર્સ, રાઇસ મેકર, સ્ટીમર્સ અને કોફી મેકર્સ જેવા કિચન અપ્લાઅન્સિસ; કિચન ટૂલ્સ, યુટેન્સિલ્સ, ગેજેટ્સ અને રેફ્રિજરેટર એક્સેસરીઝ જેવા કિચનવેર ઉત્પાદનો તથા ફૂડ કેરિયર, વોટર બોટલ્સ, જાર્સ, કિચન સ્ટોરેજ અને કિચન યુટેન્સિલ્સ જેવી સંગ્રહ કરવા માટેની વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન કરશે.

ભારતીય આયાતકારો અને ઉત્પાદકો સાથે તુર્કીની કંપનીઓ હાઉસહોલ્ડ સ્ટોરેજ, હાઉસહોલ્ડ ઓર્ગેનાઇઝર્સ, બાથરૂમ એક્સેસરીઝ, શાવર કર્ટન્સ, ક્લિનિંગ, બ્રૂમ્સ એન્ડ મોપ્સ, ડસ્ટ બિન્સ, ઇન્સેક્ટ કિલર્સ અને હાઇજિન પ્રોડક્ટ્સ, લેડર્સ,




*From a smaller hall as seen above in HGH India last year, Houseware will shift to a bigger hall 3*

ક્લોથ ડ્રાયર્સ, આયર્નિંગ બોર્ડ્સ, ફેન્સ, આયર્ન્સ અને પ્લાન્ટર્સમાં નવીનતા પ્રદર્શિત કરશે.

### ટેબલવેર

એચજીએચ ઇન્ડિયાનાં હોલ ૩માં મુલાકાતીઓ મુખ્ય કેટેગરીમાં ટેબલવેરને જોઈ શકશે. પોર્સિલિન, સિરામિક, ક્રિસ્ટલ, ગ્લાસ, ઓપલ ગ્લાસ, સ્ટેઇનલેસ સ્ટીલ, મેલામાઇન, એક્રીલિકમાં ક્રોકરી, બાર એક્સેસરીઝ, કટલરી, ટેબલ ડિસ્પેન્સર્સ અને ડિનરવેર તથા વધારે ઘનતા ધરાવતા પ્લાસ્ટિક્સ પણ પ્રદર્શિત થશે.

રોસેન્થલ (જર્મની), વર્સાસે (ઇટાલી), નોરિટાકે (જાપાન) અને ડેન્કોટુવા (શ્રીલંકા) જેવી પ્રસિદ્ધ બ્રાન્ડ ભારતીય



Clay Craft

વિતરકો મારફતે હાઇ-એન્ડ ડિનરવેરનું પ્રદર્શન કરશે. કોરેલ (અમેરિકા), ક્લે ક્રાફ્ટ, સોનાકી, એકાની, બીપી ભારત, બીએપી સિરામિક્સ, એએનએસ ઇન્પેક્સ, લારાહ (તમામ ભારતીય), મોન્નો સિરામિક્સ (બાંગ્લાદેશ) બજારનાં તમામ સેગમેન્ટને અનુકૂળ સિરામિક અને પોર્સિલિનની વિસ્તૃત રેન્જ પ્રસ્તુત કરશે.

ગ્લાસવેરમાં પ્રીમિયમ સેગમેન્ટ ઇટાલીમાંથી આરસીઆરની સીધી હાજરી જોવા મળશે. નાચ્તમાન (જર્મની), બોર્મિઓલી રોક્કો (ઇટાલી) તેમનાં ભારતીય વિતરકો દ્વારા ઉત્પાદનો પ્રસ્તુત કરશે. ઓશન, લકી ગ્લાસ બોર્ગોનોવો, લ્યુગી બોર્મિઓલી, વિડિવી, સ્પાઇગેલાઉ, ડ્યુરાલેક્સ, બોહેમિયા ક્રિસ્ટલ, ક્રિસ્ટલાઇટ બોહેમિયા, ડેવનાઉ, સંજીવ કપૂર, વ્હાઇટ ગોલ્ડ, રોક્સ અને આઇવીયો રેગ્યુલર, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ગ્લાસવેર રેન્જ પ્રદર્શિત કરશે.

મેલામાઇન ટેબલવેરમાં નવી રેન્જ સર્વવેલ, સુપરવેર, ડાઇનવેલ, હાર્મની અને સેલો જેવી સુપ્રસિદ્ધ બ્રાન્ડ પ્રસ્તુત થશે. સ્ટેઇનલેસ સ્ટીલ કટલેરી પણ ફિસ્કો, એડબલ્યુકે, સંજીવ કપૂર, રિના કર્ટ્ઝ, શ્રી એન્ડ સેમ, ભાલરિયા, ઝીબા, એસએનબી આઇનોક્સ, રેમસન્સ અને મોઝેક જેવી અગ્રણી બ્રાન્ડ્સ દ્વારા પ્રસ્તુત થશે.

# હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટમાં નવીન વિવિધતાનું પ્રદર્શન


All Time Plastics

## પ્લાસ્ટિકવેર અને સ્ટોરેજ

પ્લાસ્ટિક હાઉસવેર અને સ્ટોરેજમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોમાં તેમ જ પ્રોડક્ટ રેન્જમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. સેલો, એશિયાન પ્લાસ્ટોવેર, ઓલ ટાઇમ પ્લાસ્ટિક, વર્મોરા, પારસ પ્લાસ્ટિક, એસકેઆઈ, શ્રી સાંઇ પ્લાસ્ટ, રુચિ પ્લાસ્ટ જેવી અગ્રણી ભારતીય બ્રાન્ડ હાઉસહોલ્ડ સ્ટોરેજ, કિચન અશેન્સિયલ્સ, કિચન સ્ટોરેજ, બોટલ્સ, રેફ્રિજરેટર એક્સેસરીઝ, આઇસ બોક્સિસ અને યુટિલિટીઝમાં વિસ્તૃત રેન્જ પ્રદર્શિત કરશે.

કર્વર (લક્ઝમબર્ગ), લોક-એન-લોક (કોરિયા), ડીકેડબલ્યુ (થાઇલેન્ડ), બોક્સ બોક્સ (થાઇલેન્ડ) મિસ કલેક્શન, લક્સ, ટિટિઝ, રેન્ગા, યુગર્લર (તમામ તુર્કી) ઓર્ગેનાઇઝર, સ્ટોરેજ, કિચન ગેજેટ્સ, ડસ્ટ બિન્સ, લોન્ડ્રી બોક્સિસ, બાઉલ, બાથરૂમ એક્સેસરીસ અને નવીન પ્લાસ્ટિકવેરની વિવિધતામાં આંતરરાષ્ટ્રીય રેન્જ પ્રસ્તુત કરશે.

મુલાકાતીઓને કેમલ, ફ્રીલાન્સ, પ્રોબોટ, સોલ્મેઝર (તુર્કી), ગ્લાસ લોક (કોરિયા), એએનએસ ઇમ્પેક્સ જેવી બ્રાન્ડનું રસપ્રદ કલેક્શન જુદી જુદી સામગ્રીની વિવિધતા અને ઇન્સ્યુલેટેડ વોટર બોટલ્સ, ડ્રિન્કિંગ કપ્સ, ફ્લાસ્ક્સ, ફૂડ કેરિયર્સ, સ્ટોરેજ, કિચન ગેજેટ્સ અને એક્સેસરીઝ પણ જોવા મળશે.

## કૂકવેર

આ વર્ષે એચજીએચ ઇન્ડિયામાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોનાં કૂકવરની વિસ્તૃત રેન્જ જોવા મળશે. ઘણી પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ ભારતમાં તેમની હાજરી વિકસાવવા પ્રદર્શન કરશે અને નવા વિતરકો, આયાતકારો અથવા ચેનલ પાર્ટનર્સ માટે નજર દોડાવશે. તેમાં બેલ્જિયમની બગાફ, પોટ્સ એન્ડ પૅન્સ, પ્રેશર કૂકર્સ, કેટલ્સ, ઓવનવેર, કિચન ટૂલ્સ, ટેબલવેર, કટલેરી


Stahl

પ્રદર્શિત કરશે. ઓસ્ટ્રિયાની બર્ગનેર કૂકવેર અને કિચનવેર ટૂલ્સ પ્રદર્શિત કરશે. તુર્કીની કોર્કમેઝ તેમનાં સ્ટેઇનલેસ સ્ટીલ અને નોન-સ્ટિક કૂકવેર તથા ટેબલવેર પ્રદર્શિત કરશે. કોરિયાની લોક-એન-લોક સિરામિક કોટેડ અને નોન-સ્ટિક કૂકવેર પ્રદર્શિત કરશે. તમે ફ્રાંસની ડ્યુરાલેક્સમાંની બેકવેર રેન્જ પણ જોઈ શકશો, જે ભારતીય પાર્ટનર એએનએસ ઇમ્પેક્સ દ્વારા પ્રસ્તુત થશે.

ભારતની કેટલીક સુસ્થાપિત બ્રાન્ડ પણ કેટલાંક નવીન ઉત્પાદનો પ્રસ્તુત કરશે અને વેપારી જાહેરાતો કરશે. તેમાં પૂણેની સ્ટાહલ કિચન યુટેન્સિલ્સ, ફ્રાઇંગ પેન્સ, ટ્રાઇ-પ્લાય કૂકવેર અને પ્રેશર કૂકર્સની નવી રેન્જ લૉંચ કરશે. મુંબઈની બ્રિલિયન્ટ નોન-સ્ટિક કૂકવેર પ્રદર્શિત કરશે. દિલ્હીની બાલ્ટ્રા ફ્રાઇંગ પેન્સ, નોન-સ્ટિક કૂકવેર, પ્રેશર કૂકવેર, ગ્રિલર્સ અને હીટર્સ તથા મુંબઈની શેફિલ્ડ ગ્રિલર્સ, નોન-સ્ટિક કૂકવેર પ્રદર્શિત કરશે.

## કિચન એપ્લાયન્સિસ



Borosil

નાનાં કિચન અને હોમ અપ્લાન્યસિસ કામગીરી માટેની ચીજવસ્તુઓથી લઈને લાઇફસ્ટાઇલ પ્રોડક્ટમાં સતત વધારો થઈ રહ્યો છે, જેમાં નવીનતા પ્રોડક્ટની ખાસિયતો અને કામગીરી પૂરતી મર્યાદિત નથી, પણ કલર્સ, ડિઝાઇન, સામગ્રી અને બ્રાન્ડ વેલ્યુ પણ સામેલ છે.

આ ફેરફારો સાથે વધુને વધુ હોમ પ્રોડક્ટ રિટેલર્સ તેમનાં ઉત્પાદનોનો સ્ટોક કરવામાં રસ લઈ રહ્યાં છે. બજારમાં અનેક બ્રાન્ડની સંખ્યામાં વધારો થાય છે એટલે નાનાં હોમ અને કિચન અપ્લાયન્સિસ કેટેગરીમાં એચજીએચ ઇન્ડિયામાં વધારો થઈ રહ્યો છે. ઉપરાંત વિશિષ્ટ કિચન અપ્લાયન્સિસ ઉત્પાદકો, ઘણાં કૂકવેર અને હોમ અપ્લાયન્સિસ બ્રાન્ડ પણ આ પ્રકારનાં ઉત્પાદનો પ્રસ્તુત કરે છે. તેમાં ફૂડ પ્રોસેસર્સ, મિક્સર/ગ્રાઇન્ડર્સ, ટોસ્ટર્સ, સેન્ડવિચ મેકર્સ, આઇસક્રીમ મેકર્સ, જ્યુસર્સ, ગ્રિલર્સ, માઇક્રોવેવ ઓવન્સ, સ્ટીમર્સ, રાઇસ મેકર્સ, ટી એન્ડ કોફી મેકર્સ, વોટર પ્યુરિફાયર્સ, એર પ્યુરિફાયર્સ, વેક્યુમ ક્લીનર્સ, આયર્ન્સ, વોટર હીટર્સ, કૂલર્સ, ફેન્સ અને ઇન્સેક્ટ કિલર્સ વગેરે સામેલ છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં મુલાકાતીઓને હોમ ૩માં બોરોસિલ, બાલ્ટ્રા, શેફિલ્ડ બ્રિલિયન્ટ, નિન્જા,


The Shining Table

શાર્ક,સેલો, કોર્કમેઝ અને બર્ગોફ જેવી બ્રાન્ડમાંથી ઉપરોક્ત અપ્લાયન્સિસની રેન્જ જોવા મળશે.

## જનરલ હાઉસવેર

આ કેટેગરી હોલ ૩માં પ્રદર્શિત થશે, જેમાં હાઉસહોલ્ડ સ્ટોરેજ, ઓર્ગેનાઇઝર્સ, લોન્ડ્રી બેગ્સ, ડસ્ટ બિન,


Glitter Bags

કેનિસ્ટર્સ, આયર્નિંગ બોર્ડ, ક્લોથ ડ્રાયર્સ, હેંગન્સ, સ્ટેપ લેડર્સ, પ્લાસ્ટિક ફર્નિચર, અમ્બ્રેલાસ, હેમ્મોક્સ, ટ્રાવેલ ગૂડ્સ, ક્લિનિંગ એન્ડ મેઇન્ટેનન્સ પ્રોડક્ટ્સ, એરોસોલ, સ્ટેઇન રિમૂવર્સ, ટૂલ કિટ્સ, પેપર ટિશ્યૂસ્ અને નેપ્કિન્સ, ડિસ્પોઝેબલ પાર્ટી યુટિલિટીઝ, હાઇજીન પ્રોડક્ટ્સ, બાથરૂમ એશેન્સિયલ્સ, પ્લાન્ટ્સ, પ્લાન્ટર્સ, ગાર્ડનિંગ અને આઉટડોર પ્રોડક્ટ્સ સામેલ છે.

અમેરિકાની ઇન્ટરડિઝાઇન તેમનાં ભારતીય પાર્ટનર સ્કેન્ડા રિટેલર મારફતે બાથરૂમ એક્સેસરીઝ, ઓર્ગેનાઇઝર્સ, હાઉસહોલ્ડ સ્ટોરેજ; તુર્કીની ડોગ્રૂલર હાઉસહોલ્ડ સ્ટોરેજ, ઓર્ગેનાઇઝર્સ, આયર્ન, આયર્નિંગ બોર્ડ્સ, બેબી ચેર્સ, રોકિંગ ક્રેડલ્સ, હેમ્મોક્સ, ડેકોરેટિવ લાઇટ્સ, ટેબલ ટોપ્સ

## તમામ હોલમાં ચાઇનીસ પ્રદર્શકો

સિન્થેટિક લેધરઅપહોલ્સ્ટેરીથી બ્લેન્કેટ્સ અને વોલપેપર માટે સિન્થેટિક લેધરથી લઈને મૂળભૂત ડેકોરેટિવ કેન્ડલથી પ્લાસ્ટિક કિચન સ્ટોરેજ અને કિચન ટૂલ્સ, કિડ્સ ગિફ્ટ આર્ટિકલ્સથી ડેકોરેટિવ એક્સેસરિઝની રેન્જમાં ચીન એચજીએચ ઇન્ડિયાનાં તમામ ત્રણ હોલમાં વિવિધ ઉત્પાદક પ્રદર્શકોની વિવિધતા ઓફર કરશે.

મુલાકાતીઓને હોમ ટેક્સટાઇલ (હોલ ૧), હોમ ડેકોર એન્ડ ગિફ્ટ (હોલ ૨) અને હાઉસવેર એન્ડ ગિફ્ટ (હોલ 3) માટે સંબંધિત તમામ હોલમાં ચાઇનીસ પ્રદર્શકો જોવા મળશે.

# ઇન્ડિયામાં હાઉસવેર બજારની સંભવિતતા




*Home Town, a leading retail chain, reflects the changing home shopping habits in India.*

અને નાનાં ફર્નિચર પ્રદર્શિત કરશે. ભારતની વાસ્વી તેમની વાઇવા અને કરર્ગ બ્રાન્ડ હેઠળ ફૂડ કેરિયર્સ, ક્લોથ સ્ટેન્ડ્સ, લેડર્સ, ડસ્ટ બિન્સ, કેનિસ્ટર્સ, વેક્યુમ બોટલ્સ, સ્પોર્ટ બોટલ્સ,સોપ ડિસ્પેન્સર્સ અને બાથરૂમ એક્સેસરીની રેન્જ પ્રસ્તુત કરશે. ઉપરાંત ઘણાં તુર્ક, ચાઇનીઝ અને તાઇવાનના પ્રદર્શકો જનરલ હાઉસવેરમાં વિવિધ સોલ્યુશન્સ પ્રસ્તુત કરશે.

વર્ષ ૨૦૨૫ સુધીમાં ઇન્ડિયા વિશ્વનું પાંચમું સૌથી મોટું કન્ઝ્યુમર બજાર બનવાનાં માર્ગે છે. આ બજારમાં ઉપભોક્તા ખર્ચમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાની વૃદ્ધિ થઈ રહી છે, જ્યારે વૈશ્વિક સ્તરે આ વૃદ્ધિનો દર ૫ ટકા છે. આવકમાં વધારો થવાની સાથે ૧૦૦મિલિયનથી વધુ મધ્યમ વર્ગીય ભારતીય કુટુંબો તેમનાં વપરાશની પેર્ટનમાં ઊંચો વિકાસ દર્શાવશે અને ધનિક વર્ગમાં સ્થાન મેળવશે.

રિટેલિંગ ભારતનાં અતિ ગતિશીલ અને વિકાસશીલ ઉદ્યોગમાંનો એક છે. તમામ ઉત્પાદનોની કેટેગરીમાં નવી કંપનીઓનાં સતત પ્રવેશ અને રિટેલ ફોર્મેટ સાથે ઇન્ડિયાનું રિટેલ બજાર ૬૦ ટકા વૃદ્ધિ સાથે ૧.૧ અબજ ડોલરને આંબી જાય એવી અપેક્ષા છે. અત્યારે ૭ ટકા હિસ્સો ધરાવતું સંગઠિત રિટેલ ક્ષેત્ર વર્ષે ૨૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ કરી રહ્યું છે. હાઉસવેર વ્યવસાયનાં ભવિષ્ય અંગે ચર્ચા આ બજાર અને રિટેલ વાતાવરણનાં સંદર્ભમાં કરવી પડશે.

### ઇન્ડિયન હાઉસવેર બજાર

ઇન્ડિયામાં હાઉસવેર કેટેગરી વર્ષે ૨૦થી ૨૫ ટકાનાં દરે વધે છે. આ તમામ પરંપરાગત અને આધુનિક સમાજોમાં સમગ્ર વિશ્વમાં મહત્ત્વપૂર્ણ કેટેગરી છે. ઇન્ડિયા પણ હાઉસવેર માટે તેનાં ઉપભોક્તાઓની સંખ્યામાં મોટું પરિવર્તન જુએ છે. આજનાં શહેરીકરણ અને વિભક્ત કુટુંબનાં માળખા સાથે હાઉસવેર ખરીદી મહિલાઓ પૂરતી મર્યાદિત રહી નથી.

પ્રમાણભૂત ગુણવત્તાયુક્ત કૂકવેર, ટેબલવેર, કિચનવેર, કિચન ટૂલ્સ, સ્ટોરેજ, કિચન અપ્લાયન્સિસ, ક્લિનિંગ અને જનરલ હાઉસવેરનાં ઉત્પાદન સાથે ઇન્ડિયામાં ઉત્પાદનો હજુ પણ મર્યાદિત હોવાથી બજારમાં આયાતી ચીજવસ્તુઓ વધારે છે. સેંકડો આયાતકારો અને વિતરકો ભારતમાં તેમની પોતાની બ્રાન્ડની આયાત કરીને વેચાણ કરે છે અથવા તેનું પ્રતિનિધિત્વ કરે છે.

### હાઉસવેર ઉદ્યોગમાં વિવિધ ટ્રેન્ડ

ભારતીયોની બદલાતી જીવનશૈલી સાથે ઇન્ડિયા હાઉસવેર ઉદ્યોગમાં મોટું પરિવર્તન જુએ છે. શહેરીકરણ, વિભક્ત કુટુંબોની વધતી સંખ્યા અને ટેક્નોલોજીકલ પ્રગતિને કારણે હાઉસવેર ઉત્પાદનોની પ્રકૃતિમાં દૂરગામી પરિવર્તનો જોવા મળે છે. વૈશ્વિકરણથી પણ ઇન્ડિયામાં રાંધણકળા, સર્વિંગ અને ભોજનની આદતોમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો થયાં છે.

શહેરી વિસ્તારમાં યુવાન નોકરિયાત દંપતિઓ માટે સામાજિક જીવન, ખાદ્ય આદતો અને, તેમની જીવનશૈલીમાં વિસ્તૃત અને ઝડપથી ફેરફારો થયાં છે. આરોગ્યપ્રદ ભોજન, સુવિધા, સલામતી, કામગીરી, સમયની બચત કરતાં ઉપકરણો અને કૂકવેર જેવા પરિબળો હવે ખરીદીનાં નિર્ણય તરફ લઈ જાય છે. જટિલ ઉત્પાદનો પણ જરૂરી બનાવે છે કે પતિ-પત્ની બન્ને આ ઉત્પાદનોની ખરીદીમાં સંકળાયેલા રહે પછી તે કિચનવેર હોય, કૂકવેર હોય, ટેબલવેર હોય, કિચન અપ્લાયન્સિસ હોય, સ્ટોરેજ હોય, ક્લિનિંગ હોય કે મેઇન્ટેનન્સ ઉત્પાદનો હોય કે આઉટડોર ગૂડ્સ હોય, બજારની સ્થિતિમાં મોટાં પાયે પરિવર્તન થયું છે. અત્યારે મોટાં ભાગનાં આધુનિક હાઉસવેર ઉત્પાદનો સ્ટીલ, પ્લાસ્ટિક, સિરામિક, ગ્લાસ જેવી સામગ્રીઓના મિશ્રણથી બને છે. એટલે અત્યારે બજારનું વર્ગીકરણ ઓછી સામગ્રીઓથી સંચાલિત અને યુટિલિટી કે કામગીરી આધારિત વધારે છે.

### હોમ રિટેલની સ્થિતિ

મોટાં ભાગની રિટેલ ચેઇન (ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, હાયપર માર્કેટ અને સ્પેશિયાલિટી સ્ટોર્સ) માટે હોમ અને હોમ ઇમ્પ્રૂવમેન્ટ સૌથી વધુ ઝડપથી વધતી કેટેગરીઓમાં સામેલ છે. અગ્રણી રિટેલ હાઉસનું પીઠબળ ધરાવતી હોમ ટાઉન, હોમ સેન્ટર, હોમ સ્ટોપ, @હોમ એન્ડ ઇવોક જેવી કેટલીક મોટી સ્પેશિયલાઇઝ્ડ હોમ રિટેલ ચેઇનનો વિકાસ થયો છે. વન સ્ટોપ, મહાવીર, આલ્ફા અને એસડીએચ જેવા સ્પેશિયાલિટી હાઉસવેર સ્ટોર્સ નાનાં હાઉસવેર અને હોમ ડિકોર રિટેલર્સ વૃદ્ધિ માટે નવા માપદંડો સ્થાપિત કર્યા છે. બિગ બાઝાર, સ્ટાર બાઝાર, ડી-માર્ટ, સ્પેન્સર્સ, સ્પાર, મોર, ઇઝીડે, મેટ્રો કેશ-એન-કેરી જેવી ચેઇન પણ તેમનાં હોમ રિટેલ સેક્શનનું વિસ્તરણ કરે છે. આઇકિયા જેવી અગ્રણી આંતરરાષ્ટ્રીય હોમ રિટેલર્સ ટૂંક સમયમાં ઇન્ડિયન બજારમાં પ્રવેશ કરશે. એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી ઓનલાઇન રિટેલર્સ કંપની આ ક્ષેત્રોમાં વેચાણમાં વૃદ્ધિને વેગ આપે છે.

તમામ સેગમેન્ટમાં મહત્ત્વાકાંક્ષા પણ ઉપભોગ અને ઉપભોક્તા ખર્ચમાં વધારાને દોરશે. વિભક્ત કુટુંબોની વધતી સંખ્યા અને તેમની પોતાની માલિકીનાં ઘરમાં ખર્ચ કરવાની વધતી આતુરતા હાઉસિંગ સેક્ટરમાં સાતત્યપૂર્ણ વૃદ્ધિને દોરે છે, જે હોમ ટેક્સટાઇલ્સ, હાઉસવેર અને હોમ ડેકોર જેવાં હોમ પ્રોડક્ટ માટે માગને વેગ આપે છે. આ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ માટે બજારની વૃદ્ધિને વેગ આપશે. ધનિક કુટુંબોમાં વૃદ્ધિ થવાની સાથે ઉપભોક્તાઓ તેમની ખરીદીમાં વધારો કરી રહ્યાં છે અને ડેકોર, ડિઝાઇન, ટ્રેન્ડ, ફેશન અને એસ્થેટિક્સ જેવા જીવનશૈલીનાં પરિબળો પણ ખર્ચમાં વધારો કરશે. આ તમામ પરિબળો ભારતમાં સંભવિત બજાર ઊભું કરશે તથા ઉત્પાદન, રિટેલ, વિતરણ અને આયાતમાં મોટી તકો પૂરી પાડે છે. તેમાં રિટેલનો હિસ્સો સૌથી વધારે હશે.

પરંપરાગત રીતે હાઉસવેર ઉત્પાદનો કામગીરી, ઓછી મહેનત અને સ્થાનિક કામકાજ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે વધારે યુટિલિટી સંચાલિત હતાં. અત્યારે આ પ્રકારનાં ઉત્પાદનો બજારનાં તમામ સેગમેન્ટમાં ઉપભોક્તાઓ દ્વારા સારી રીતે સ્વીકાર્ય છે. પણ ભારતીય હાઉસવેર ઉદ્યોગ છેલ્લાં ૨૫ વર્ષમાં ભારતમાં એપેરલ અને ફૂડ જેવી કેટેગરીઓ રિટેલ તેજીનો લાભ લેવાનું ચૂકી ગયો હતો, કારણ કે મોટા ભાગનાં ઉત્પાદનો સારી ડિઝાઇન અને બ્રાન્ડિંગનું આકર્ષણનો અભાવ ધરાવતા હતા. રિટેલર્સ હંમેશાં મોટી બ્રાન્ડ અને સારી ડિઝાઇન ધરાવતાં ઉત્પાદનો સાથે રિટેલ સ્પેસની ફાળવણીને હંમેશાં ઓળખે છે. સારી ડિઝાઇન, અત્યાધુનિક ટેક્નોલોજી, બ્રાન્ડિંગ અને આકર્ષક રજૂઆત પર કેન્દ્રિત હાઉસવેર સેક્ટર પોતાનાં આધુનિક અવતાર તરીકે રિટેલર્સ આ સેગમેન્ટમાં મોટી તક જુએ છે, કારણ કે યુનિટની કિંમત અને નફાનું ધોરણ વધ્યું છે. રિટેલ સ્પેસમાં ફાળવણીમાં વધારો તેમ જ ઇ.કોમર્સ કંપનીઓનાં પ્રવેશ સાથે હાઉસવેર બિઝનેસ સ્થાયી વૃદ્ધિ માટે સજ્જ છે.

જોકે ઇન્ડિયા વ્યવસાયનું વ્યવસ્થાપન કરવા અને તેને ઊભો કરવા સૌથી વધુ જટિલ દેશોમાંનો એક છે. બજારમાં સફળ થવા માટે ઉપભોક્તાની જરૂરિયાતોની, કિંમત અને મૂલ્યની જાણકારીની તેમ જ અસંગઠિત ક્ષેત્ર કેવી રીતે કામ કરે છે એની ઊંડી સમજણ જરૂરી છે. તેમ છતાં ઇન્ડિયન હાઉસવેર બજાર મુખ્ય આંતરરાષ્ટ્રીય કંપનીઓને આકર્ષવાની સંભવિતતા અને વૃદ્ધિલક્ષી પરિપ્રેક્ષ્ય ધરાવે છે.

# નવા હોલ ૨માં હોમ ડેકોર

ઇન્ડિયામાં હોમ ડેકોર ઉત્પાદનો અને એક્સેસરીઝ માટેનાં બજારમાં દર વર્ષે ૨૦ ટકા સુધીનો વધારો થઈ રહ્યો છે. ઉપભોક્તાની વધતી માગ તેમનાં સ્ટોર્સમાં હોમ ડેકોર ઉત્પાદનોનાં સેક્શનમાં વધુને વધુ રિટેલર્સને વિસ્તરણ તરફ દોરી ગઈ છે. આ ટ્રેન્ડને પગલે એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં હોમ ડેકોર કેટેગરી માટે જ નવો હોલ ૨ ઊભો કરવામાં આવ્યો છે.


Kazage


Apeejay


Dhawal


EPCH


Designs View

વોલપેપર્સ, ડેકોરેટિવ સિન્થેટિક એન્ડ વૂડન ફ્લોરિંગ, વોલ ડેકોર, ટેબલ ટોપ્સ, મ્યુરલ્સ, આર્ટિફેક્ટ્સ, પેઇન્ટિંગ્સ, ડેકોરેટિવ ક્લોક્સ, ફોટો ફ્રેમ્સ, ફિગરિન્સ, ફ્લાવર્સ, ફ્રેગ્રન્સીસ, ડેકોરેટિવ કેન્ડલ્સ એન્ડ કેન્ડલ સ્ટેન્ડ્સ, ડેકોરેટિવ મિરર્સ એન્ડ લાઇટ્સ, હેન્ડિક્રાફ્ટ્સ અને ડેકોરેટિવ ફર્નિચર્સની વિવિધતાઓ તેમ જ એક્સેસરીસ જેવા હોમ ડેકોર ઉત્પાદનો ગ્રાહકોને આકર્ષવા અને જાળવવા હોમ રિટેલર્સ માટે વધુને વધુ મહત્ત્વપૂર્ણ બની રહ્યાં છે.

એચજીએચ ઇન્ડિયા આ કેટેગરીમાં રાષ્ટ્રીય બ્રાન્ડ ઊભી કરવા તેનાં હોમ ડેકોર પ્રદર્શકો માટે તકો પૂરી પાડે છે, જ્યાં ઉત્પાદનો અનબ્રાન્ડેડ કોમોડિટીઝ તરીકે સંપૂર્ણપણે વેચાય છે.

મુલાકાતીઓને હોલ ૨માં તેમનાં સ્ટોર્સ માટે સંપૂર્ણ રેન્જ જોવા મળશે, જેમાં વિદેશી હેન્ડિક્રાફ્ટ્સ આર્ટિફેક્ટ્સ અને આધુનિક મશીન-મેડ ડેકોરેટિવ વોલપેપર્સની વિસ્તૃત રેન્જ ઉપલબ્ધ હશે. આશરે ૨૦ બ્રાન્ડ અને વિતરકો સમગ્ર દુનિયામાંથી આયાત થયેલી વિવિધ વિસ્તૃત વોલપેપર્સની અત્યાર સુધીની રેન્જ પ્રદર્શિત કરશે, જેનું આયોજન ઓલ ઇન્ડિયા વોલપેપર્સ કવરિંગ્સ એસોસિએશન (એઆઇડબલ્યુએ) દ્વારા એક્સક્લૂઝિવ વોલપેપર પેવિલિયનમાં થશે. હેન્ડિક્રાફ્ટની વિસ્તૃત રેન્જ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડિક્રાફ્ટ્સ (ઇપીસીએચ) અને હેન્ડિક્રાફ્ટ્સ મેગા ક્લસ્ટર મિશન (એચએમસીએમ) દ્વારા આયોજિત પેવેલિયનમાં જોવા મળશે. મોરાદાબાદ, ફિરોઝાબાદ, જોધપુર, જયપુર, આગ્રા, ઉત્તરપૂર્વ રાજ્યો, જમ્મુ અને કાશ્મીર, ગુજરાત વગેરે જેવા ડેકોરેટિવ ગ્લાસ, કર્ટન રોડ, મિરર્સ, ફ્રેગ્રન્સ, ફ્લોર કવરિંગ્સ અને હોમ ડેકોરની એક્સેસરિઝ રિટેલર્સ માટે પ્રદર્શન થશે.

આ કેટગરીમાં ઘણાં નવા પ્રદર્શકો ડેકોર, કાર્યકારી યુટિલિટી પ્રોડક્ટ્સ અને ગિફ્ટ્સ માટે સોલ્યુશન્સ પ્રદાન કરશે.

# વોલપેપરમાં મોટી કામગીરી જોવા મળશે

ઇન્ડિયન બજારમાં વોલપેપર કંપનીઓની સંખ્યામાં વધારો થવાની સાથે એચજીએચ ઇન્ડિયામાં ગયા વર્ષે ઓલ ઇન્ડિયા વોલપેપર કવરિંગ્સ એસોસિએશન (એઆઇડબલ્યુએ)ની સ્થાપના થઈ હતી. ઓલ ઇન્ડિયા વોલપેપર કવરિંગ્સ એસોસિએશન (એઆઈડબલ્યુએ) તરીકે જાણીતું એસોસિએશન પહેલી વાર હોલ ૨માં વિશિષ્ટ વોલપેપર્સનું આયોજન કરશે. આશરે ૨૦ પ્રદર્શકો વિશ્વભરમાંથી મૂળભૂત, પ્રીમિયમ અને લક્ઝરી વોલપેપર્સની વિસ્તૃત રેન્જ પ્રદર્શિત કરશે.


Marshalls


NGC Nafees


Excel Wall

ઇન્ડિયા વોલપેપર માટે સૌથી વધુ ઝડપથી વિકસતાં આંતરરાષ્ટ્રીય બજારોમાંનું એક છે, જ્યાં માગ વર્ષે ૧૦૦ ટકાનાં દરે વધે છે. છતાં દેશના પ્રીમિયમ અને મૂળભૂત કેટેગરીમાં બેઝ વોલપેપર્સ અને સંપૂર્ણ માગ પૂરી કરવાની ક્ષમતા કોઈ પણ સ્થાનિક ઉત્પાદક ધરાવતાં નથી, જેથી તેઓ આયાત મારફતે પૂર્ણ કરે છે.

સમગ્ર વિશ્વમાં વોલપેપરનાં ઉત્પાદનો અને બ્રાન્ડ મુખ્યત્વે ચીન, કોરિયા, તુર્ક, અમેરિકા, બ્રિટન, ઇટાલી, જર્મની, ફ્રાંસ, બેલ્જિયમ, નેધરલેન્ડ વગેરે અગ્રણી દેશો છે. તેઓ ભારતને સૌથી વધુ મહત્ત્વપૂર્ણ વિકસતાં આંતરરાષ્ટ્રીય બજાર તરીકે જુએ છે. તેઓ અહીં તેમનું વિતરણ અને રિટેલ નેટવર્ક વધારવા આતુર છે. વોલપેપર બજારમાં ભારતીય કંપનીઓ દ્વારા સ્થાપિત તેમનાં ઉત્પાદનની રેન્જમાં નવીન સામગ્રીઓ અને ડિઝાઇનો સામેલ છે. તેઓ બજારમાં આગળ રહેવા સમગ્ર વિશ્વમાંથી આયાત કરે છે, જ્યાં સ્પર્ધા વધી રહી છે. એચજીએચ ઇન્ડિયા રિટેલર્સને વોલપેપરનાં વેપારમાં સૌથી વધુ ઝડપથી બદલાતી સ્થિતિમાં ઝડપ જાળવવા મદદ કરે છે.

એઆઇડબલ્યુએનાં કેટલાંક સભ્યો વોલપેપર્સ પેવિલિયન મારફતે પ્રદર્શન કરે છે, જેમાં માર્શલ્સ, ગ્રેટેક્સ, એક્સેલ

**વૉલપેપર માટેના ઝડપથી વિકાસ કરતા વૈશ્વિક બજારમાંનું ભારત એક છે, જ્યાં દર વર્ષે માંગમાં ૧૦૦% નો વધારો થાય છે**

વોલ ઇન્ટેરિઅર્સ, એચ એન્ડ એચ વોલ કવરિંગ, એડોર્નિસ, એસટીસી વોલપેપર, એટકો ઇન્ટિરિયર્સ, આર્ટિસન ફર્નિશિંગ, ડાગા વોલપેપર્સ, ક્રિએટિવ વોલપેપર, ડબલ્યુ એસ ઇન્ડિયા, રોયલ વોલપેપર્સ, ઇનડિઝાઇન, કેર ઇમ્પેક્સ, એસ સી શેઠ એન્ડ સન્સ, સ્વીટ હોમ, ડિઝાઇન રેપ અને યુડીસી સામેલ છે.

ઉપરાંત વોલ કિંગ, નિલય, અલ્કેમી ડેકોર, મુનશી ડિજિટલ વોલપેપર, વોલ ઇફેક્ટ્સ અને સ્પિન ડેકોર જેવી ભારતીય અગ્રણી વોલપેપર બ્રાન્ડ હોલ ૨માં સીધું પ્રદર્શન કરશે. કેસામેન્સ (ફ્રાંસ), કોલ એન્ડ સન (બ્રિટન), ઓમેક્સકો (બેલ્જિયમ), ઝિમ્મર+ રોહડે (જર્મની), ડિઝાઇનર્સ ગિલ્ડ (બ્રિટન), હાર્લેક્વિન (બ્રિટન) અને એલિટિસ (ફ્રાંસ) જેવી સુપ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ હોલ ૧માં તેમનાં ભારતીય પાર્ટનર એફ એન્ડ એફ અને એડ્રેસ મારફતે રજૂ કરશે.

યુરોપિયન અને અમેરિકન વોલપેપર્સનાં અગ્રણી વિતરક દુબઈ સ્થિત એનજીસી નફીઝ પહેલી વાર હોલ ૨માં ૧૪ સુપ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. આ બ્રાન્ડમાં રાશ (જર્મની), બ્રિટનની ધ પેપર પાર્ટનરશિપ એન્ડ ડેકોર લાઇન અને કોલિન્સ એન્ડ કંપની (અમેરિકા તથા બીએન ઇન્ટરનેશનલ (નેધરલેન્ડ) સામેલ છે.

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ રિટેલર્સ માટે વોલપેપર્સમાં વિસ્તૃત વિવિધતા પ્રસ્તુત કરશે અને ભારતીય બજારને વધુ પરિપક્વ બનાવીને સ્પર્ધામાં મદદ કરશે.